# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

વિકાસમાં ખાય તમાચા છતાં મોં રાતું રાખી ફરે છે,
ઘરમાં રોવાય રોદડાં બહાર ગીત ગાતું ફરે છે,
મદમાતું થઇ ફરે છે અઢળક આરોગ્ય ઓઢીને -
ઇંયાં મેટ્રો ઠેકાણાં નથી, બૂલેટની વાતું કરે છે!

## હાઈકુ

રાખે છે હવે
પ્રજાને વાઈબ્રંટ-
આ ઠંડી પણ...

મળ્યું 'આપ' ને-
- પ્રજાતંત્ર પાંગળું,
'પોલીસ' વિના..

## ચિંતન

*સહપરિ જનેન વિલસતિ ધીરો ગહનાનિ તરતિ પુનરેકઃ ।*
*વિષમકેન નિપીતં ત્રિપુરજિતા સહ સુરૈરમૃતમ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણમાં 'ધીરપુરૂષ'ની પ્રશંસા કરવામાં આવી છે :

'ધીરજવાન વ્યક્તિનો સ્વભાવ જ એવા હોય છે કે જયારે આનંદ-ઉલ્લાસનો કોઇ પ્રસંગ કે ઘડી હોય ત્યારે તેનો આનંદ એકલો જ ન માણતાં સ્નેહી-સંબંધીઓને સાખે રાથીને એ આનંદને 'ઉત્સવ'બનાવે છે. પરંતુ જયારે કોઇ ગહન વિપત્તિ આવી પડે ત્યારે તે કોઇને પણ જણાવ્યા વિના માત્રને માત્ર એકલો જ એ પીડા દુઃખની ક્ષણ સહન કરી તેને પાર પણ કરી જાય છે. આ વાતનું દૃષ્ટાંત આપતાં રચનાકાર કહે છે કે -દેવોએ અને રાક્ષસોએ જયારે સમુદ્રમંથન કર્યું ત્યારે દેવાના હાથમાં યેનકેન પ્રકારે અમૃત આવ્યું ત્યારે તે દેવો એકલા જ પી ગયા. પરંત જયારે વિષ નિકળ્યું ત્યારે તે મહાદેવ એકલા એ જ પીધું.'

ધીરજવાન વ્યક્તિના વિચાર અને આચાર જ 'પરમ' કક્ષાના હોય છે. તેના હૃદયની વિશાળતા અને ઔદાર્યને કારણે તેને મળેલી સુખ-સમૃદ્ધિની ક્ષણોને પરિવાર-સ્નેહી-સંબંધીઓ સાથે વહેંચીને ભોગવે છે. ઘણા પરિવાર સામુહિક સમૂહ માટે કથાઓ-સંગીતના સમારોહ કરી જેમ આનંદને વિતરીત કરી માણે છે એમાં એમની આ ઉદાર ભાવના જ દેખાય છે આવા ધીરજવાન ને જયારે ધંધામાં ખોટ જાય ત્યારે એ ઘેર ઘેર જઇ રોદડાં રડી ફંડ-ફાળો લેવા નથી જતો પણ વેદના સહન કરી વિપત્તિ સામે એકલો જ લડે છે.

અહીં 'સમૃદ્રમંથન'ના પ્રસંગનું ઉદાહરણ આપી આ વાતને સમર્થન આપવામાં આવ્યું છે.

## સુવિચાર

- તમારો સમય ખરાબ ચાલતો હોય તો ચિંતાના માર્ગે ખરાબ સમયની સાથે ના ચાલો - **રજનીશ**
- અભિમાન એ અધિકાર ભોગવવાની અંતરની ઇચ્છાનો પડઘો છે - **રાજચંદ્ર**
- જયારે જયારે કોઇ પ્રસિદ્ધિ પામે છે ત્યારે ત્યારે અહંકાર નામનું કૂતરૂં તેમની પાછળ ફરતું જ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'ANGER' (ક્રોધ) એ 'DANGER' થી એક જ શબ્દ પાછળ છે - **જનકલ્યાણ**
- સમસ્યા તરફ ગુસ્સો વાળવો એ શાણપણ છે.. નહીં કે આસપાસના લોકો ઉપર- **મોરારિબાપુ**
- એવું એક જ સ્થળ છે જયાં કર્મ પહેલાં સફળતા આવે છે એ છે ડીક્ષનેરી- **મુનિ ભાનુચંદ્રજી**
- કર્મ તો કામધેનું છે, એને દોહતાં આવડે તો આનંદરૂપી દૂધ મળે છે - **રમેશ ઓઝા**

**(સંકલન : દીપક વી.આસરા)**

## બોધ કથા

સંસાર-વ્યવહારમાં સૌ સત્તા-પદ-સમૃદ્ધિ અને એ મળી જાય પછી માન-સન્માન-અવોર્ડ પાછળ દોડે છે. જીવનનો આ ધ્યેય કે પરમ લક્ષ્ય છે જ નહીં. સંસારના કર્તવ્યો બજાવી એમાં આનંદ સાથે પ્રેમ-લાગણી-વાત્સલ્ય આપી એ પાછાં મેળવવામાં જ જીવનની લક્ષ્મપૂર્તિ છે. મૃત્યુ પછી લોકો આપણને પ્રેમથી યાદ કરી બે અશ્રુ ભીની અંજલિ આપે તો 'જીવન સાફલ્ય'...

એક જૈન જતિ પહોંચેલા તપસ્વી હતા. વચન સિદ્ધિ અને જયોતિષ શાસ્ત્રમાં પ્રભુત્વ પામવાને કારણે નાના ગામડામાં ચાતુર્માસ હતો છતાં આસપાસના અને દૂરનાં શહેરોમાંથી ગાડીઓ લઇ લઇ શ્રાવકો તેમના દર્શાનાર્થે આવતા હતા. જૈન મહાત્માએ આ ગામમાં નવું દેરાસર બાંધવાની ઇચ્છા વ્યક્ત કરી.

'વ્યાખ્યાન પછી શહેરમાંથી આવેલા શ્રાવક મંડળે સંતને વિનંતી કરી. આ નાના ગામમાં આપની ટહેલ પુરી થશે નહીં આપ શહેરમાં પધારમણી કરો ત્યાં ધનિક શ્રાવકોની ભીડ મળશે. આપના માન-સન્માન વધશે અને આવાં તો બે-ત્રણ દેરાસર બંધાઇ જાય એટલું ફંડ માત્ર આપની એક ઇચ્છાથી મળી જશે. અહીં આપના જ્ઞાન-શક્તિની યોગ્ય કદર પણ નહીં થાય!'

સંતે જવાબ દીધો. મેં માન-સન્માન પ્રતિષ્ઠા પામવા કંઇ વૈરાગ્ય નથી લીધો આવી બાબતો તરફ વિ-રાગ થતાં જ મેં સંસાર છોડ્યો છે. મને અહીં ભોળાં ગ્રામજનો તરફથી જે પ્રેમ મળે છે તે કરોડોના ફંડફાળાથી વિશેષ છે.

હીરા બજારમાં ભીડ ન હોય-શાકમારકીટમાં મહેરામણ ઉભરાતું હોય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# રાતની વિથિકા પર સ્વપ્નો ચડવા લાગ્યા છે, આજુબાજુનો કોઇ અવાજ ઘરમાં આવતો નથી, ઘર બંધ છે, એરકુલ્ડ છતાં અભિનવ પ્રયત્ન કરે છે કે તેને ઘરમાં કોઇ અવાજ સંભળાય પણ બધી બાજુથી પાછી ફરી તેના કાન અંજલીના શ્વાસોશ્વાસ પાસે અટકી જાય છે

## નવાં કલેવર

- નટવર હેડાઉ

ઘોડા પોતાની કસાયેલી માંસપેશીઓને ધ્રુજાવતો હતા. પછી એ ત્રિભેટેથી જુદી જુદી દિશાઓમાં ચાલી નીકળ્યા. ડાકુઓની આ ફિલ્મને ટેલિવિઝન સ્ક્રીન પર મ્યુટ કરતાં અભિનવ પંચોલી પોતાની પત્ની અંજલીને જોવા લાગે છે. અંજલી ચાબુક તરફ જોઇ રહી છે. જે ટી.વી.ની ઉપરની દિવાલે ટીંગાડ્યું છે. તે એક ડેન્ટીસ્ટ છે અને રાતના આ પહેલા પહોરમાં કોઇ મોટું પુસ્તક વાંચતા તેમાંથી કંઇક શોધી રહી છે. મૌન સાથે ટી.વી.ના રંગો જયારે તેના પુસ્તકમાં પાનાં પર ટકરાવા લાગ્યાં તો ડો. અંજલીએ પુછ્યું કેમ? બંધ કેમ કરી દીધું, તને તો ડાકુઓ ગમે છે ને.'

'ડાકુઓ તો દેખાય છે, ફક્ત મ્યુટ કર્યું છે.'

'શું તું કંઇ વિચારે છે?'

'ના...ના...'

તો પછી અચાનક ટી.વી. ને મ્યુટ કર્યું, મ્યુટ કરીને સિગારેટ સળગાવી, સિગારેટ સળગાવીને આમ ચુપચાપ મારી સામે શું જુએ છે કહું છું મગજના ઘોડાઓને વધારે દોડાવવા પડે છે.

'પરંતુ સ્ક્રીનના રંગો તો જુદા હોય છે.'

'હાં, પણ એ જિંદગીમાં સાચા રંગો ભરે છે.'

'કયાં? થોડું આશ્ચર્ય દળદાર પુસ્તકમાંથી ઉછળીને અભિનવની આંખો પર પડે છે. ડો. અંજલી પુસ્તક બંધ કરતાં કહે છે. રંગ અને આપણી જિંદગી, અભિનવ જુઠ્ઠું શું કામ બોલે છે. આ છત નીચે બધું જ બદરંગ છે તું પણ અને તારો ઉન્માદ પણ. તું એક મોટો સ્ક્રીપ્ટ રાઇટર બનવા માંગતો હતો. જે તું બની પણ ગયો છે. હવે થોડું ધ્યાન સ્ક્રીન પરથી હટાવી ઘર તરફ પણ લગાવ, હું તો જોઇ રહી છું કે તું મારાથી દૂર ને દૂર જઇ રહ્યો છે.' કહેતા અંજલીએ પોતાનું માથું અભિનવના ખોળામાં મુક્યું. અભિનવ તેને અડકવા માંગે છે પણ અટકી જાય છે. પછી પોતાના નાક આગળથી નીકળતા ધુમાડાના ગોટામાં અલપઝલપ થતો અંજલીનો ચહેરો બસ દેખાય છે. તે માથું ઊંચુ કરે છે. ઓહ! તે અંજલીને કઇ રીતે સમજાવે કે તેના ઘોડા કયાં દોડી રહ્યાં છે? અંજલી આંખો બંધ કરી ઘોડાઓની પાછળ દોડવા લાગે છે. અભિનવ ચુપ બેઠો છે. હાં, આમ તો એ અંજલીના વાળમાં આંગળીઓ ફેરવી રહ્યો છે. પણ વાળના મૂળમાં જાણે કે શબ્દો જ શોધી રહ્યો છે. તેના ચહેરાના રંગ ફીક્કા પડી રહ્યા છે. પણ જે હાથમાં ટી.વી.નું રીમોટ છે. તેની આંગળીઓમાં અમેરીકન ડાયમંડની રંગબેરંગી વીંટીઓ ચમકી રહી છે. એકવાર અંજલીએ પુછેલું ત્રણમાં જ કેમ? ચોથી ખાલી છે ને'

'જેથી પરમાત્માને ખબર પડે કે મારી ઝોળી ખાલી છે.'

'પરમાત્મા અને ઝોળીનો બહુ ખ્યાલ તું રાખવા લાગ્યો છે.'

અહીં મુંબઇમાં બંને જરૂરી છે. પરમાત્મા પણ અને ઝોળી પણ. જેની ઝોળી અને પરમાત્મા જેટલા મોટા એટલા મોટા તકદીરનો આ માલિક બની શકે છે.

'તો હજી કેટલી મોટી કરીશ આ ઝોળીને?'

'જેટલો મોટો પરમાત્મા'

પણ પરમાત્મા કંઇ વીંટીઓ પહેરવાથી મોટો થઇ ન શકે. પરમાત્મા માટે પોતાના આત્માને વસ્ત્રાભૂષણોની જેમ પહેરવા પડે. પણ તારો આત્મા જે અધોગતિમાં...'

'અંજલી... હું જાણું છું કે તને મારાં અમુક રાજની જાણ છે. પરંતુ હું એટલો આત્માહીન પણ થઇ ગયો નથી. તું મારી જે દુઃખતી રગ પર હાથ મુકી રહી છે તેના પર જ બનેલી સિરીયલ 'તું ચાંદનો ટુકડો' દુનિયાભરમાં હીટ થયેલી. તેથી એક રીતે મેં મારા પાપનું પ્રાયશ્ચિત કરી લીધું છે.'

'એ તું વિચારે છે. બોલ... બોલ... કેવું વિચારે છે. કોઇ ન્યુઝ ચેનલનું માઇક હાથમાં લઇને બોલ.'

હવે શું બોલવું અભિનવ પંચોલી, બોલાય તો ત્યાં જયાં તેની અસર પડતી હોય. તું તો ચિકણા પ્યાલા જેવો છે. હમણાં બે પેગ અંદર ઉતરતાં જ તું તારા ગુનાઓનાં રોંદણા રોવા મને ઘુંટણે પડી જઇશ. શું કામ દલીલો કરે છે દુનિયા સીધા અને સાચા લોકોની હોય છે.

અભિનવ અંજલીની બંધ આંખોની પાછળ દલીલબાજી કરતી અંજલીને શોધે છે. તેને એમ થાય છે કે તે અંજલીને હલબલાવીને જગાડી દે. અને તેને અત્યારે પોતાનાં પર જે વીતી રહ્યું છે તે બધું જ કહી દે, તે તેને કહી દે કે દુઃખતી રગને જયાં સુધી કાપીને ફેંકી ન દઇએ ત્યાં સુધી મટતી નથી. પણ અંજલીની દલીલો કરતો ચહેરો તેની જીભને અટકાવે છે.' જો એકવાર સારી રીતે સમજી લે, એ સાચું કે તેં તારી જુવાનીમાં થયેલ પાપ કે ભૂલો મને બતાવી દીધી છે. પછી રોજ રોજ તેના રોંદણા શું કામ? જો તને એમ લાગતું હોય કે રીમા સાથે તેં પાપ કર્યું છે તો તેની સજા પણ તું જાતે જ નક્કી કરી લે. જેલ જા કે દેશનિકાલ ભોગવ. મને કોઇ ફર્ક પડતો નથી. પણ વારંવાર પાપના કીચડમાં નૈતિકતાનું કમળ શોધ્યા ના કર.' તે દિવસ પછી કયારેય અભિનવે રોમા કે પાપનો ઉલ્લેખ નથી કર્યો.

રાતની વિથિકા પર સ્વપ્નો ચડવા લાગ્યા છે. આજુબાજુનો કોઇ અવાજ ઘરમાં આવતો નથી. ઘર બંધ છે. એરકુલ્ડ છતાં અભિનવ પ્રયત્ન કરે છે કે તેને ઘરમાં કોઇ અવાજ સંભળાય પણ બધી બાજુથી પાછી ફરી તેના કાન અંજલીના શ્વાસોશ્વાસ પાસે અટકી જાય છે. તેમાં શેમ્પુની સુગંધ ભળી છે. તેને શેમ્પુ બહુ ગમે છે. અભિનવની ભુરી ભુરી આંખો તેને કોરા દીવા જેવી લાગે છે. જેમા બળતી વાટ ન જાણે કે ન હોય, તે ઉઠીને અભિનવને પડખે બેસી જાય છે.

'જો જેમ અમારી પાસે ક્લિનિકલ ટીથ હોય છે. એ જ રીતે તમારા ટેલિવિઝનવાળાઓ પાસે ક્લિનિકલ રંગ હોય છે. આવો હશે તો આ શેડ હશે, આ શેડ હશે તો સંવેદના રચાશે, સંવેદના રચાશે તો આવી અસર થશે. વિગેરે બધું નક્કી જ હોય છે. પણ જિંદગીમાં એવું હોતું નથી. ત્યાં અલગ પ્રકારના કેમિકલ્સ હોય છે.'

અભિનવ પોતાની ગરદન ઝુકાવીને ફરી સિગાર સળગાવે છે. અંજલી વાળને સરખા કરતાં ઉભી થઇ જાય છે. અરીસામાં ખુદને જોવા લાગે છે. કંઇક ગણગણે છે. ધુમાડામાં ડુબેલા અભિનવને અરીસામાં શોધતી ટોણો મારે છે. 'ધુમાડો... ધુમાડો... ધુમાડો.. આખો દિવસ એમાં જ ડુબેલા રહે છે. આમ જ ધુમાડાની કબરમાં જવાનો વિચાર છે. માત્ર ત્રણ વર્ષની મેરીડ લાઇફમાં તેં ચરસ, સ્મૈક, શરાબ, ગોળીઓ કેટલું લેવા માંડ્યું છે. શું હું એટલી ખરાબ છું કે પછી તારો ધંધો.' અભિનવ બેસી જાય છે. બારીના કાચમાંથી ચંદ્રને જોવા લાગે છે. તેને ધુંધળું લાગે છે. પણ શું ચંદ્ર પણ તેને જોતો હશે. ના ચંદ્ર તો વહી રહ્યો છે. ચુપચાપ, જીદ્દી સન્યાસી જેવો તે મુંબઇના આ પોશ વિસ્તારમાં વિશિષ્ટ ઘરોની ઉપરીથી કોઇ પણ કથાને સ્પર્શ્યા વિના ચાલ્યો જવા માંગે છે. કોણ જાણે કેટલી કથાઓ, દરેક કથામાં કેટલીયે આંતર કથાઓ અને તેમાં વળી એક સુક્ષ્મ કથા અને સુક્ષ્મ નો છોડે છેક રૂપિયા અને ખણખણતાં સિક્કાઓ સાથે જોડાયેલો. તેમાં આવા ચહેરાઓને વાંચીને ચંદ્ર શું કરે. ચોક્કસપણે ચંદ્ર એ જોઇ ગયો હોય કે બારીના કાચમાંથી દેખાતી ધૂમ્રશેરી ઉગળતી તસ્વીર 'ભ્રુણ હત્યારા'ની છે તો શું ચંદ્ર તેને છોડી દેત. પણ અહીં તો દરેક શહેર, દરેક શેરી, દરેક ઘરની આ હાલત છે.


સિગાર પુરી થઇ ગઇ. છતાં કસ ખેંચતા ગળામાં ખસરકાની એક ધુમ્રશેર શ્વાસનળીમાં ઉતરી ગઇ. તેનાથી ખાંસતા ખાંસતા અવાજ કાઢતાંને તે કહે છે. કંઇક યાદ કરતાં 'ના... ના... મારો ધંધો જ ખરાબ છે તું નહીં.' અહીં વાત ત્રીજી છે. બેસ તને સમજાવું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ભાવનાઓની ભૂલભૂલામણી...!! કોનું સાંભળવું?? દિલ કે દિમાગ..??

## લાગણી ડોટ કોમ પર ક્લિક કરતાં માઉસ અટકી ગયું પ્રેક્ટિકલ કે ઇમોશનલ? ના જવાબમાં મન ભટકી ગયું

### Hello ફ્રેન્ડસ!



–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

"શું કામ જોઈએ આ ઈમોશન ઝંઝટ? સાલું લાગણીઓનાં લાક્ષાગૃહમાં બળી જવાય છે. આના કરતાં તો બધો નિર્ણય મગજથી જ લેવો સારો. મનને કહેવું કે માની જા, જરા શાંતિ રાખ, વચ્ચે ઉતરીને હેરાન ના કર. આવું કેટલુંય દિલને સમજાવીએ તોય પ્રેક્ટીકલ નથી થવાતું. ભાવનાઓનું પુર આવે જ છે અને ઈમોશનલ અત્યાચાર પણ થાય છે."

પ્રેમ થઈ ગયો હતો અને પ્રેમ સાથે, પણ દિલ અને દિમાગની ચર્ચામાં પોતે ભરાઈ હતી. પ્રેમ દેખાવડો તો હતો જ, સમજદાર હતો, પતિ તરીકે પરફેક્ટ ફીટ થાય એવો હતો, પોતાને અનુરૂપ થઈ સંસાર ચલાવે એવાં દરેક ગુણો હતા એવું મનાલીનું દિલ કહેતું હતું અને દિમાગ જરા જુદુ જ વિચારતું હતુ. સંયુક્ત કુટુંબમાં છે, પપ્પા નથી, આર્થિક પરિસ્થિતિ મનાલીની સ્થિતિથી બિલકુલ વિપરીત એટલે કે નીચલો મધ્યમ વર્ગ, અભ્યાસ પણ ઓછો અને નાત-જાત નદીના બે કાઠાં જેવાં, દિમાગ લાલ બત્તી ધરતું હતું, કે ના મનાલીના ભાવનાઓની ભૂલભૂલામણીનાં તણાવાય, પ્રેક્ટીકલ બન...

આ દુનિયામાં એકદમ પ્રેક્ટીકલ રહેવું એ ઈમોશનલ એ જ ખબર પડતી નથી? મને લાગે છે ભાવનાઓ કોઈ મહત્ત્વ જ ના આપવું જોઈએ, ખુબ તકલીફો પડે છે. આપણે કાયમ બુદ્ધિથી - દિમાગથી વિચારવું જોઈએ આવું માત્ર ઈમોશનલ થઈને મનાલી વિચારતી હતી!! મનાલીની સાથે એના ગ્રુપનાં દરેક ફ્રેન્ડસને આ પ્રશ્ન સતાવતો હતો કે કેવી રીતે વર્તવું? લાગણી ડૉટ કોમની સાઈટ પર ક્લિક કરવા જઈએ તો દિમાગ માઉસને અટકાવી દે છે. શું કરવું? બુદ્ધિ કહે એમ કરવું કે ભાવના લઈ જાય તેમ કરવું?

દિલસે યા દિમાગ સે? નિર્ભયા પર થયેલા બળાત્કારથી આમ આદમીમાંથી ખાસ બની ગયેલા કેજરીવાલ કે વડાપ્રધાન માટે મોદી કે રાહુલ? કેટરીનાનો સ્વયંવર કે કરીનાની પ્રેગનન્સી કે સુઝાનનાં છૂટાછેડા, કોઈ પણ વિષય પર ચર્ચા કરતાં આજના યુવક-યુવતીને દિલ-દિમાગનો પ્રશ્ન ઉપસ્થિત થાય જ અને 'એમ જ શું કોઈ બાબતે લાગણીશીલ બનીને વિચાર કરવામાં અર્થ છે?' એવું કોઈ કહેતું અથવા 'શું યાર કેટલી લાગણીવિહીન છે તું? તને આવા વિચાર આવે છે જ કેમ?' એવું પણ કોક બોલતું અને પછી દિલ-દિમાગ વચ્ચે વાત-વિવાદ જામી જતો તે છેક મિત્રો વચ્ચે મિઠો ઝઘડો બની જતો...



આમ જોવા જઈએ તો આ દિલ અને દિમાગનો ઝઘડો કંઈ આજનો હૉટ ઈસ્યુ થોડો છે? કેટલાંય મન અને મગજ વચ્ચેની મગજમારી ચાલુ જ છે, છેક પીઢીઓના પીઢીથી... મન જેમાં માને છે એ બુદ્ધિને યોગ્ય નથી લાગતું અને બુદ્ધિને જે સમજાય છે તે મનને ગળે ઉતરતું નથી. દરેક વ્યક્તિ સાથે આવું બને જ છે, કેટલીક વાર ભાવનાની લહેરમાં તણાઇ મોટો ચાંલતો થઈ જાય છે તો કયારેક મનની અડફેટે ચઢીને પ્રસંગને ટાળી દેવાય છે!!

સાચું જોવા જઈએ તો બંને વાતો મનનો જ એક ભાગ છે. આપણે એકને કહીએ બુદ્ધિથી ચાલનારૂં મન અને બીજાને કહીએ ભાવનાથી ચાલનારૂં મન. બુદ્ધિથી ચાલનારૂં મન વિચાર કરતું હોય છે. નજર સામેની વસ્તુઓને સમજી લેતું હોય છે. એનું વિશ્લેષણ કરતું હોય છે. એ દરેકનાં નફો - નુકશાનનાં સરવાળા - બાદબાકી કરતું હોય છે... પણ ભાવનાથી ચાલનારૂં મન એકદમ મનસ્વી હોય છે. એ જે તે ક્ષણે તીવ્રપણે ચાલતી વાતોને તે સાચું માનીને ચાલે છે. (અણ્ણાને ટેકો, કેજરીવાલને મત, નિર્ભયાની લાગણી, સચિનની વિદાય) ઘણીવાર આ મનની સમજદારી સમજવા ઘણો ત્રાસ થાય છે. એ ક્ષણે જે લાગે એ કરી નાખ્યું, એ ક્ષણે આપવામાં આવતી પ્રતિક્રીયા, લેવાનારાં નિર્ણયો (ફેરીયા પાસેથી ખરીદી, વહેવારમાં ઉદારપણું) ઘણીવાર તરત તરત આવાં લાગણીનાં પુરમાં વહીને નિર્ણય લેવાય છે અને પછી વિચાર કરતાં બેસીએ છીએ, આપણે આવું કેમ વર્ત્યા? પણ ભાવનાની સાથે ચાલનારૂં 'દિલ તો પાગલ હૈ' એવું ય કહેવાતું નથી. કારણ અમુક મોકાની જગ્યાએ આ બહાવરૂં મન જ એવા નિર્ણય લેવડાવે છે, જે જિંદગી જીવાડી દે છે...

આપણે ઘરમાં પગ મુકીએ અને ઘરનો સન્નાટો કે પત્નીનો ચહેરો જ આપણું પેલું લાગણીવાળું મન તરત વાંચીને કહેશે કે આજ કુછ ગરબડ હૈ. ભાવનાથી ચાલતાં મનને લગભગ ઘણી વાતોનો અણસાર મળતો હોય છે. પ્રેમીના પ્રેમથી લઈ પ્લેટફોર્મ પરથી પસાર થનારી ટ્રેન મળશે કે નહીં એ આ મનનાં સંકેત પરથી જાણી શકાય છે. અને મળેલા સંકેતને દોડાવવા બુદ્ધિવાળું મન લાગી પડે છે, એ તર્ક-વિતર્ક કરે છે, માર્ગ બતાવે છે, પ્રેમી કે ટ્રેન સુધી પહોંચાડે છે, ભાવનાવાળું હૃદય તત્ક્ષણ નિર્ણય લેવા મદદ કરે છે જયારે બુદ્ધિવાળનું મન તબક્કાવાર ફુંકી ફુંખીને છાશ પીવા જેવી મદદ કરે છે.

મનાલીને એવી બહેનપણી ફોન કરીને કહે છે કે '૧૪ ફેબ્રુઆરીએ તો તારી સગાઈ થવાની છે' મનાલી ફોન સાંભળીને મલકાઈ ઉઠે છે, એનું ભાવનાવાળુ મન એને વેલેન્ટાઈન ડે ના ગલગલીયાં કરાવે છે, એ ક્ષણે એ ખુશખુશાલ થઈ જાય છે. પરંતુ બે દિવસ બાદ એ ટેન્શનમાં આવે છે કે સગાઈ કોની સાથે? પ્રેમ સાથે કે બીજા સાથે? ભાવનાશાળી મન ઠંડુ પડતાં બુદ્ધિશાળી મન કામે લાગે છે અને પછી શરૂ થાય છે કશમકશ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# શિક્ષણ અને સંસ્કાર હશે તો ધન કમાઈ શકાશે

## ગુલમહોર

દિનેશ દેસાઈ

> **● જો તમારા સંતાનને તમે કોઈ વારસો આપવા માગતા હોવ તો એને ધનસંપદાનો નહીં, શિક્ષણ અને સંસ્કારધનનો વારસો આપજો**
>
> **● મીરાંબાઈ કહે છે એમ આ વારસો એવો છે કે એને ખર્ચતાં ખુટે એમ નથી ને ચોર લૂંટી શકે એમ નથી**

અમેરિકાના જર્સી સિટીની આ વાત છે. સ્થાનિક અખબારમાં એક જાહેરાત પ્રગટ થઈ હતી. 'અદ્ભૂત સેફ સાથેનો વિલા વેચવાનો છે.' ખુબ જ ખુલ્લી જગા સાથેના મોકળાશભર્યા વિલા-બંગલાને ખરીદવા કરતાં જોવાના આશયથી પણ ઘણાં બધાં લોકો આવ્યાં. બજારભાવ કરતાં વધુ કિંમત હોવાના કારણે સોદો મોડા` પાર પ ડ્યો. પરંત્ુ 'અદ્ભૂત સેફ' જોવા આવનારાઓમાં જ નહીં, આસપાસમાં રહેનારાઓમાં પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું. એવો તો કેવો 'અદ્ભૂત સેફ' હશે?વિલામાલિક વેલ્બી ડેનિયલનું કહેવું એમ હતું કે 'મારા વિલાનો આ સેફ અદ્ભૂત એટલા માટે છે, કેમ કે મકાનના ભોંયરામાં બનાવેલ એક વિશાળ હોલ જેવો આવો સેફ તમને કયાંય જોવા નહીં મળે.' વેલ્બીની વાત તો સાચી હતી. એને તિજોરો કે પટારો પણ કહી શકાય નહીં.આખો રુમ જ જાણે સેફ. ૨૦ બાય ૨૦ બાય ૧૪. કટાય નહીં એવું લોખંડ, કોઈ પણ ખુણે સાંધો ન મળે, ૨૦ જાતનાં તાળાં ને એટલી જ કૂંચી, પહેલી ચાવી પહેલાં લગાવવી પડે, ફર્સ્ટ કમ ફર્સ્ટ બેઝ. સેફ પાછો વીજકરંટથી પણ આરક્ષિત. જે લોકો વિલા જોવા ગયા હતા એમનું કહેવું હતું કે વિલામાં ખાસ કોઈ સરસામાન નહોતો.

સહુના આશ્ચર્ય વચ્ચે પેલો સેફ પણ સાવ ખાલી હતો. વિલાના પોર્ચમાં કોઈ કાર પણ નહોત ી. વેલ્બીનાં કપડાં પણ સાવ સાધારણ. એવું લાગે જ નહીં કે વિલાનો માલિક એ જ હશે. બધાને સવાલ થયો કે આવડો મોટો સેફ બનાવવાનું કારણ શું? પહેલીવાર વિલા જોવા જનારને તો એમ થાય કે વિલામાં બનાવેલા સેફમાં કોઈ કિમતી ખજાનો કે પંદર-વીસ મણ સોનું રાખેલું હશે. પરંતુ સેફ તો સાવ ખાલીખમ હતો. હા, બેડરુમ તરીકે વાપરી શકાય. મહત્વની વાત તો એ હતી કે અગાઉના વિલામાલિકે કંઈ આ સેફ નહોતો બનાવ્યો. વેલ્બીએ વિલા ખરીદ્યા પછી ખુદ આ વિશેષ પ્રકારનો સેફ કાળજી લઈને બનાવ્યો હતો. તેણે આવો સેફ કંઈ ઘાસની ગંજીઓ મૂકવા માટે તો નહીં જ બનાવ્યો હોય. એક મુલાકાતીએ તો વેલ્બીને સીધું પૂછી જ લીધું: 'વિલામાં ઝાઝો સામાન નથી ને સેફ પણ સાવ ખાલી છે, આવો સેફ બનાવવાનું કારણ શું?' સવાલ તીરની જેમ વેલ્બીને વાગ્યો. તેણે પ્રત્યુત્તર આપ્યો કે 'હું નાનો હતો ત્યારે જ મા-બાપ મૃત્યુ પામ્યાં. ભણવાનું છુટી ગયું અને જુગારની લત લાગી ગઈ હતી. એ લતમાં જ હું ખુબ કમાયો. એટલે પછી આ વિલા લીધો અને ગણી ગણાય નહીં એટલી ધનદોલત મૂકવા માટે પછી આ સેફ પણ બનાવ્યો પરંતુ જુગારની લતમાં જ હું બધું ગુમાવી બેઠો ને આ વિલા પણ વેચવાનો વારો આવ્યો.'

આટલું બોલતાં-બોલતાં તો તેની આંખો ભીની થઈ ગઈ. વાતનો સાર એટલો જ કે વેલ્બી ડેનિયલ જો ભણેલો-ગણેલો હોત અને સમજદાર હોત તો આમ ન થયું હોત. શિક્ષણ અને સંસ્કાર એને અને એના ધનને બચાવી શક્યા હોત. જો તમારા સંતાનને તમે કોઈ વારસો આપવા માગતા હોવ તો એને ધનસંપદાનો નહીં, શિક્ષણ અને સંસ્કારધનનો વારસો આપજો. મીરાંબાઈ કહે છે એમ આ વારસો એવો છે કે એને ખર્ચતાં ખુટે એમ નથી ને ચોર લૂંટી શકે એમ નથી. કારણ કે શિક્ષણ અને સંસ્કાર હશે તો એ ધન કમાઈ શકશે અને સાચવી પણ શકશે.

આપણે ત્યાં મફત અને ફરજીયાત પ્રાથિમક શિક્ષણનાં મીઠાં ફળ વર્ષોથી ગુજરાતનાં સંતાનો ચાખી રહ્યાં છે. એમાંય ગામેગામ મોટાં ભાગનાં બાળકો મધ્યાહ્ન ભોજન યોજનાનાં આકર્ષણથી પણ ખભે દફતર લઈને શાળાની વાટ પકડે છે. એકડો ઘુંટવાની સાથે જ્ઞાનસુધા અને પેટમાં અન્ન પડવાથી ઉદરક્ષુધા પણ સંતોષાય છે.

ગાંધીનગરમાં ચાલતું મધ્યાહ્ન ભોજન બનાવવાનું રસોડું માત્ર ગુજરાતમાં જ નહીં, કદાચ દેશભરમાં આ પ્રકારનું સૌથી મોટું રસોડું છે કે જે એક સાથે લાખો બાળકો માટે સહિયારું ભોજન તૈયાર કરી આપે છે. ગુજરાતની નવી પેઢી શિક્ષણ અને સંસ્કારથી રળિયાત બને, ઊજળી બને એથી વધુ મોટો સંકલ્પ કયો હોઈ શકે.